# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : જયદીપ વૈષ્ણવ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૧૨-૦૫-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## ચૂંટણીનો ચોથો તબક્કો :

લોકસભા ચૂંટણીના ચોથા તબક્કામાં આવતીકાલે નવ રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશમાં સમાવિષ્ટ 96 લોકસભા બેઠક પર મતદાન થશે.જેમાં ઉત્તરપ્રદેશની 13 બેઠકો,મહારાષ્ટ્રની 11,મધ્યપ્રદેશ અને પશ્ચિમ બંગાળની 8-8, બિહારમાં 5,ઝારખંડ અને ઓડિશાની ચાર-ચાર અને જમ્મુ-કાશ્મીરની એક બેઠક પર મતદાન યોજાશે. મતદાન સવારે સાત વાગે શરૂ થશે,જે સાંજે 6 વાગ્યા સુધી ચાલશે.

**RNU અમદાવાદ**

---

## અંબાજી જીઆઈ ટેગ :

અંબાજીના સફેદ મારબલને ‘ઓફિસ ઓફ ધ કન્ટ્રોલર જનરલ ઓફ પેટન્ટ્સ, ડિઝાઇન્સ એન્ડ ટ્રેડમાર્ક્સ’ દ્વારા GI સર્ટિફિકેટ આપવામાં આવ્યું છે.પ્રાચીન સમયથી ધાર્મિક સ્થાપત્ય માટે પ્રસિધ્ધ અહીંના સંગેમરમરે દેશવિદેશનાં સુપ્રસિધ્ધ મંદિરોની દિવ્યતા અને ભવ્યતામાં મહત્વની ભૂમિકા ભજવી છે.

**RNU અમદાવાદ**

---

## મધર્સ ડે :

સમગ્ર વિશ્વમાં આજે માતૃદિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.દર વર્ષે મે મહિનાના બીજા રવિવારે ઉજવાતો માતૃ દિવસ માતા પ્રત્યેનો અહોભાવ અને ઋણ અદા કરવાનો દિવસ છે.આજના દિવસે બાળકો તેમની માતાઓને ફૂલ,કાર્ડસ કે પછી અન્ય કોઇ ભેટ સોગાદ આપીને માતા પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કરે છે.કચ્છમાં ભુજ સહિતના સ્થળોએ માતૃદિવસની વિવિધ કાર્યક્રમો સાથે ઉજવણી કરવામાં આવી હતી.આ તકે ભુજની જનરલ હોસ્પીટલના તબીબોએ સગર્ભા મહિલાઓ માટે ઉપયોગી સૂચનો કર્યા હતા.

**RNU અમદાવાદ**

---

## <u>ડીપીએ-મુન્દ્રા બંદર :</u>

દેશના બે સૌથી મોટા બંદર DPA કંડલા અને મુન્દ્રા પોર્ટ પર કસ્ટમને એક વર્ષમાં ૫૭ હજાર કરોડની આવક થઇ હતી.ગત વર્ષે ભારતના ૪૦% કાર્ગોનું વહન આ બંને બંદરો પરથી થયું હતું.DPA કંડલા પોર્ટથી ખાંડ,ચોખા,ઘઉં જેવી પેદાશોની નિકાસ સર્વાધિક થાય છે.તો ઓઇલ,પેટ્રોલીયમ પ્રોડક્ટ,કોલસો,ખાતર,LPG ની આયત કરવામાં આવે છે જે થકી કસ્ટમ ડ્યુટી પેટે ૧૮ હજાર કરોડની આવક થઇ હતી.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

## <u>બોર્ડની પુરક પરીક્ષા :</u>

ગઈકાલે જાહેર થયેલા ધોરણ-૧૦ બોર્ડના પરિણામમાં એક,બે કે ત્રણ વિષયમાં અનુતીર્ણ વિદ્યાર્થી માટે આગામી સમયમાં પુરક પરીક્ષા લેવાશે.પરીક્ષામાં ગેરહાજર રહેલાં વિદ્યાર્થીઓ પણ આ કસોટી આપી શકશે.પુરક પરીક્ષાના આવેદનપત્રો બોર્ડની

વેબસાઈટ www.gseb.org પરથી ઓનલાઈન ભરવાના રહેશે.ઉમેદવારો માટે ફી ની રકમ એક વિષય માટે ૧૪૫,બે વિષય માટે ૨૦૫ અને ત્રણ વિષય માટે ૨૬૫ રૂપિયા રહેશે.કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારે પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપી છે.તેમ છતાં પુરક પરીક્ષા-૨૦૨૪ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવું ફરજીયાત છે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

# પોલીટેકનીક પ્રવેશ :

ભુજમાં સરકારી પોલીટેકનિક કોલેજમાં ધોરણ 10 બાદ પ્રવેશ મેળવીને ઇજનેરી અભ્યાસ કરી શકાય છે.આ માટે 15 મી મે સુધી ઓનલાઇન નોંધણી થઈ શકશે.કોલેજમાં સિવિલની સાથે કોમ્પ્યુટર,ઇલેક્ટ્રિક,મિકેનિકલ અને માઇનિંગ ઇજનેરીમાં કુલ 420 સીટ છે.એડમિશન મેળવવા માટે 15 એપ્રિલ થી 15 મે સુધી વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન પોર્ટલ ખુલ્લું મુકાયું છે.15 મે સુધી નોંધણી થયા બાદ 23 તારીખે પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ બહાર પડશે.જે બાદ તબક્કાવાર પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---

# ઘુડખરની ગણતરી :

આ વર્ષે 21 અને 22મેના રોજ ઘુડખરની ગણતરીમાં સૌ પ્રથમ વખત ટેક્નોલોજીનો ઉપયોગ કરી કુલ 362 પોઇન્ટ પર ડ્રોન કેમેરા,જીપીએસ સિસ્ટમ,કેમેરા ટ્રેપ અને ઓનલાઇન પોર્ટલ દ્વારા કરવામાં આવશે.દર પાંચ વર્ષે ઘુડખરની ગણતરી

કરવામાં આવે છે.અને છેલ્લે 2020 થયેલી ગણતરી મુજબ ઘુડખરની સંખ્યા 6082 નોંધાઈ હતી.કચ્છના નાના રણનો કુલ વિસ્તાર 4953 ચોરસ કિલોમીટર છે.જેમાં ઘુડખર અભયારણ્ય આવેલુ છે.રણની અંદર કેવી રીતે પ્રાણીની ગણતરી કરવી તે માટેની સઘન તાલીમ કર્મચારીઓને આપવામાં આવી હતી.

**NP-જયદીપ વૈષ્ણવ**

---------------------------------------------------------------------------------------

## હવામાન :

ભુજમાં મતદાનના દિવસ મંગળવારે મહતમ તાપમાનનો પારો ૪૩.૫ ડીગ્રી થયા બાદ તેમાં ક્રમશઃ ઘટાડો થતાં ગરમીમાં આંશિક રાહત અનુભવાઈ રહી છે. સરહદી જીલ્લાની તાસીર મુજબ મોડી રાત્રે વાતાવરણમાં શીતળતા પ્રસરે છે. દરમ્યાન હવામાન વિભાગે આગામી પાંચ દિવસમાં સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં કેટલાક સ્થળોએ ભારે ગરમી અને ભેજ રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

**NP-જયદીપ વૈષ્ણવ**

---------------------------------------------------------------------------------------